સુરત મહાનગરપાલિકા

**જાહેરનામું**

* * *

## સંદર્ભ: જાહેરનામું ક્રમાંક :પી.આર.ઓ./૦૬ તા.૦૫/૦૪/૨૦૨૦ અને પી.આર.ઓ./૧૮ તા.૧૪/૦૪/૨૦૨૦.

* * *

હાલમાં વિશ્વભરમાં નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે અને ભારતમાં પણ COVID-19ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી ધ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. સુરત શહેરમાં કોરોના વાઇરસના સંક્રમણને ધ્યાને લેતા સાઉથ ઇસ્ટ ઝોન (લીંબાયત)ના કેટલાક વિસ્તારમાં ગીચ વસ્તી હોવાને કારણે સોશીયલ ડીસ્ટન્સીંગ (Social Distancing) જળવાવુ જોઈએ તે જળવાતું નથી. જેથી નોવેલ કોરોના વાયરસ (COVID-19)નું સંક્રમણ ફેલાવવાની ઘણી શકયતાઓ રહેલી છે.

આથી હું બંછાનિધિ પાની,IAS, કમિશ્નર, સુરત મહાનગરપાલિકા, સુરત ગુજરાત રાજય એપેડેમીક ડીઝીસ એકટ-૧૮૯૭ ની કલમ-૨, ૩ અને ૪ થી પ્રાપ્ત સત્તા અન્વયે તથા ગુજરાત રાજયના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક નં.NCV/102020/SF-1/G, Date:-20/03/2020ના પેરા નં.૧૧ થી મળેલ અધિકારની રૂએ સુરત મહાનગરપાલિકામાં આવેલ સેન્ટ્રલ ઝોન <u>(૧) સૈયદપુરા, નાણાવટ, શાહપોરમાં આવેલ ૨૧૧૩૬ ઘરમાં રહેતા ૯૫૧૧૩ લોકો (૨) સલાબતપુરા, બેગમપુરા, મહિધરપુરા, કાંસકીવાડ, સૈયદપુરામાં આવેલ ૩૨૮૧૫ ઘરમાં રહેતા ૧૪૭૬૭૦ લોકો (૩) નાનપુરા, સગરામપુરા, ગોપીપુરા, વાડીફળિયા, સોનીફળિયામાં આવેલ ૪૩૦૫૭ ઘરમાં રહેતા ૧૯૩૭૬૨ લોકોને</u> ક્લસ્ટર તરીકે જાહેર કરી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ફરજીયાત હોમ કવોરોન્ટાઈનમાં રહેવા હુકમ કરુ છું. વધુમાં સદર્ભથી જણાવેલ જાહેરનામાંમાં ઉપરોક્ત પૈકી કેટલાક વિસ્તારો અગાઉ પણ ક્લસ્ટર તરીકે જાહેર કરવામાં આવેલ છે.

ઉપરોકત હુકમનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા સદર હુકમનો અનાદર કરનારની સામે ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ તથા એપેડેમીક ડીસીઝ એકટ-૧૮૯૭ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

નં.પી.આર.ઓ./ ૨૫/૨૦૨૦-૨૧
તા.૧૬/૦૪/૨૦૨૦

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા